# ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર મેળો

પૂજ્ય કસ્તૂરબાની પુણ્યતિથિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ પરિવારના સભ્યો સાથે મળીને ભાગ લઈ શકે અને ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત સહપરિવાર કરે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

**તારીખ :**    **૨૪-૦૨-૨૦૧૮, શનિવાર**

**સમય :**    **સાંજના ૦૫-૦૦થી રાત્રિના ૧૦-૦૦**

**સ્થળ :**    **મયૂર ગાર્ડન, ગૂજરાત વિદ્યાપીઠ પરિસર, આશ્રમ માર્ગ, અમદાવાદ**

**પરિવારમેળાના મુખ્ય હેતુઓ :**

૧. ગૂજરાત વિદ્યાપીઠ સેવકોના પરિવારજનો એકબીજા સાથે મેળામાં ભાગ લઈ શકે.

૨. ગૂજરાત વિદ્યાપીઠ સેવક પરિવારના સભ્યો ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવર્તમાન મ્યુઝિયમો, કેન્દ્રો અને અન્ય જીવનમાં જરૂરી વિવિધ પ્રવૃત્તિઓનો અનુભવ કરી શકે.

૩. પરિવારના સભ્યો સાથે મળી નિયમોની મર્યાદામાં રહી વસ્તુઓ વેચાણના, ગરમ વાનગીના કે સ્વયં તૈયાર કરેલા ખાધ્ય પદાર્થોનો સ્વાદ બીજા માણી શકે તે માટે સ્ટોલ કરી શકે.

૪. ગૂજરાત વિદ્યાપીઠમાં અને ગ્રામસેવા કેન્દ્રોમાં વિવિધ વિભાગો દ્વારા જે શિક્ષણ આપવામાં આવે છે તેની માહિતી પરિવારના સભ્યો મેળવી શકે.

૫. ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધીવિચાર મુજબનું જે શિક્ષણ આપવામાં આવે છે તે શિક્ષણ મેળવી ગામડાંઓમાં જઈ જે વ્યક્તિઓ આજે કાર્યરત છે તેની અનુભૂતિ પરિવારના સભ્યો મેળવી શકે.

૬. ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થામાં ચાલતી અન્ય પ્રવૃત્તિની જાણકારી પરિવારના સભ્યો મેળવી શકે.

- ગૂજરાત વિદ્યાપીઠ સેવક પરિવારના સભ્યો અને વિદ્યાર્થી ભાઈ-બહેનો પરિવારની ભાવના બળવત્ત બનાવવા અચૂક ભાગ લેશે.
- ગૂજરાત વિદ્યાપીઠના વધુમાં વધુ ચાર પરિવારના સભ્યો સાથે મળીને એક સ્ટોલ ગોઠવે તેવી અપેક્ષા છે.
- ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી ભાઈ-બહેનો સંસ્થામાં, માર્ગદર્શન મુજબ સ્ટોલ મેળવી શકશે.

**સ્ટોલ ધારકો માટે નિયમો/માર્ગદર્શિકા :**

૧. પુસ્તક વેચાણ કરી શકશે નહીં.

૨. સ્વયં તૈયાર કરેલા ખાધ્ય પદાર્થ સિવાય કોઈ પણ પ્રકારની વાનગીનું વેચાણ કરી શકશે નહીં.

૩. સ્વયં તૈયાર કરેલી વસ્તુઓનું વેચાણ કરી શકાશે (બજારમાંથી ખરીદેલી કોઈપણ વસ્તુનું વેચાણ કરી શકાશે નહીં).

૪. કોઈ પણ પ્રકારના પ્લાસ્ટિક કે પોલીથીનની ચીજવસ્તુમાં ખાદ્ય સામગ્રી વેચી શકાશે નહીં તેમજ ઉપયોગમાં લઈ શકાશે નહીં. માત્ર પ્લાસ્ટીકની ચમચીનો ઉપયોગ કરી શકાશે.

૫. કોઈ પણ પ્રકારના માદક દ્રવ્યો કે માદક ખાદ્ય પદાર્થોનું વેચાણ કરી શકાશે નહીં.

૬. પેકીંગ મટિરીયલ્સમાં ઇકોફ્રેન્ડલી પેકીંગ વાપરવું ફરજિયાત રહેશે.

૭. ખાધ્ય પદાર્થો ખુલ્લા રાખવાની મનાઈ છે તેમજ ગરમ વાનગીઓ તૈયાર કરતી વખતે કે વેચાણ સમયે સ્વચ્છતા જાળવવી આવશ્યક રહેશે.

૮. કોઈ પણ પ્રકારની દવાઓનું કે તબીબી સાધનો (સર્જિકલ સાધનો)નું વેચાણ કરી શકશે નહીં.

૯. સ્ટોલ ધારકના કુટુંબ પરિવારના સભ્યો સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ સ્ટોલમાં વેચાણ માટે ઉપસ્થિત રહી શકશે નહીં.

૧૦. ગરમ વાનગી, ખાધ્ય પદાર્થો કે વસ્તુઓના વેચાણના સ્ટોલ નિયમો મુજબના રહેશે. અન્ય કોઈ પણ પ્રકારના સ્ટોલ માટે મંજૂરી મળી શકશે નહીં.

૧૧. વાનગીનો ભાવ જથ્થા સાથે અગાઉથી જણાવવાનો રહેશે. તેમાં ફેરફાર કરી શકાશે નહીં. આ માટે તા. ૨૦-૦૨-૨૦૧૮ના રોજ સાંજે ૦૫-૦૦ કલાકે સ્ટોલધારકો સાથે બેઠક થશે.

<u>સ્ટોલધારકો માટે સૂચનાઓ</u>

૧. **સ્વચ્છતા જાળવણી :**

- સ્ટોલની આગળ તથા રસોઈ બનાવવાની જગ્યાએ સ્ટોલધારકોએ સ્વયં સ્વચ્છતા જાળવવાની રહેશે. આ માટે સ્ટોલધારકે એક વ્યક્તિને નિયુક્ત કરવાની રહેશે. જે માત્ર સફાઈ અને સ્વચ્છતા ઉપર ધ્યાન રાખશ. સ્ટોલની આગળ પાંચથી સાત ફૂટ તથા સ્ટોલની પાછળ કોઈ પણ પ્રકારની ગંદકી ના થાય તેની જવાબદારી સ્ટોલધારકની રહેશે. સ્ટોલની પાછળ તથા આગળ મોટા ડસ્ટબીન (કચરાપેટી) મૂકેલા હશે.
- સાંજે સ્ટોલ બંધ કરતી વખતે પણ તમામ કચરો કચરાપેટીમાં જ હોય તેની કાળજી રાખવાની રહેશે. જે સ્ટોલધારકો સફાઈ કર્યા વિના ખાલી કરીને જતા રહેશે તેઓની પાસેથી સફાઈ કરાવવાનું મૂલ્ય વસૂલ લેવામાં આવશે.
- ગરમ વાનગીના સ્ટોલધારકોએ વાનગી પીરસતી વખતે એપ્રન પહેરવું ફરજિયાત છે તથા ચમચી અને ચીપીયા જેવા સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે.
- શાકભાજી સમારતા પહેલા ધોવી તેમજ અન્ય વસ્તુઓ પણ સાફ-સૂફ કરીને જ રસોઈ બનાવવી.

૨. **સ્ટોલની ફાળવણી :**

- સ્ટોલની ફાળવણી માત્ર વસ્તુઓના વેચાણ અને વાનગીઓને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવશે. બહારના રેસ્ટોરન્ટ કે લારી-ગલ્લા પર તૈયાર કરેલી હોય તેવી કોઈ પણ વાનગરી સ્વીકારવામાં આવશે નહીં.
- લકી ડ્રોથી સ્ટોલની ફાળવણી કરવામાં આવશે.
- **સ્ટોલની સંખ્યા ૫૦ની છે. તેથી વહેલા તે પહેલાના ધોરણે સ્ટોલ મળશે.**

૩. **પદાર્થોની ગુણવત્તા :**

- વાનગીની રીત, વાનગીમાં વપરાતા તમામ પદાર્થો પોષણમૂલ્ય વગેરેની વિગતો જણાવવી અનિવાર્ય છે. તેલ, ઘી, મસાલા, દૂધ જેવા પદાર્થો શુદ્ધ વાપરવા. ગ્રાહકને પૂરો અધિકાર છે કે તમને ગુણવત્તા બાબતે સવાલ પૂછી શકે.
- વાનગીમાં રહેલી પૌષ્ટિકતા અને તેના મૂલ્યોને ધ્યાનમાં રાખી વધુ પડતા ગરમ મસાલા અને તેલનો ઉપયોગ પ્રમાણમાં કરવા અનુરોધ છે. કોઈ પણ પ્રકારના કૃત્રિમ રંગો, પ્રિઝર્વેટીલ કે બજારમાં મળતી અન્ય કોઈ પણ પ્રકારની વસ્તુઓ વાપરવા પર સખત પ્રતિબંધ છે. એકમાત્ર સાત્વિકતાનો હેતું જળવાઈ રહે તે જરૂરી છે.

૪. **પીવાનું પાણી :**

- મુલાકાતીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે.

૫. **જોખમ :**

- મેળા દરમ્યાન કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત આપદાના સંજોગોમાં સ્ટોલધારે થયેલ કોઈ પણ પ્રકારનું નુકસાન સ્ટોલધારકના શિરે રહેશે.
- સ્ટોલધારકને કોઈ પણ પ્રકારે થયેલા આર્થિક નુકસાન માટે સંસ્થા કોઈ પણ રીતે જવાબદાર નથી.
- રસોઈ બનાવવા માટે ઘરેલું ગેસ સિલિન્ડર વાપરવાની મનાઈ છે. ગેસની પાઈપ કે સગડી ખામીયુક્ત કે ક્ષતિયુક્ત છે કે નહીં તેની ચકાસણી કરી લેવા અનુરોધ છે.

૬. **સ્ટોલ માટે મળવાપાત્ર સુવિધાઓ :**

- જરૂરિયાત મુજબ ગેસ સિલિન્ડર/સગડીની વ્યવસ્થા કરી આપવામાં આવશે. જેનું ભાડું ચૂકવવાનું રહેશે.
- દરેક સ્ટોલમાં જરૂર મુજબ બે ટેબલ અને બે ખુરશી પૂરી પાડવામાં આવશે તેમજ લાઇટ વ્યવસ્થા પણ આપવામાં આવશે, જે નિ:શુલ્ક રહેશે.
- ડસ્ટબીન (કચરાપેટી) મૂકવાની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે.
- સ્ટોલધારકોને જરૂરી પાણીની વ્યવસ્થા સંસ્થા તરફથી પૂરી પાડવામાં આવશે.